દરેક સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખાસ

# કરંટ અફેર્સ

સાંપ્રત બનાવો આધારિત
દર શનિવારે પ્રસિદ્ધ થતું
સાપ્તાહિક મેગેઝીન

## 10 to 16 February 2018



તલાટી મંત્રી,
કોન્સ્ટેબલ,
બિન સચિવાલય,
પંચાયત મંત્રી
TET, TAT, HTAT, PSI

Paresh Chavda

EduSafar

# કરંટ અફેર્સ, તારીખ ૧૦/૦૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### પેપ્સીકોના સીઈઓ ઈન્દ્રા નુઈ આઈ.સી.સી. ના પહેલા સ્વતંત્ર મહિલા નિર્દેશક બન્યા.

પેપ્સીકોના અધ્યક્ષ અને સીઈઓ ઈન્દ્રા નુઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલના પ્રથમ સ્વતંત્ર મહિલા નિર્દેશકના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા છે.

ઈન્દ્રાનુઈ બે વર્ષ સુધી આગામી જુન-૨૦૧૮ થી ક્રિકેટના કાર્યમાં સામેલ થશે.

સ્વતંત્ર મહિલા ડાયરેક્ટર પદને ગયા વર્ષે આઈ.સી.સી. દ્વારા સ્વીકૃતિ આપવામાં આવી હતી.

આ પદનો ઉદેશ્ય ખેલની વૈશ્વિક કાર્યવૃદ્ધિમાં સુધારો લાવવાનો હતો.

હાલ આઈ.સી.સી.ના અધ્યક્ષ તરીકે શશાંક મનોહર સેવા આપી રહ્યા છે.તેની હેડ ઓફીસ દુબઈમાં આવેલ છે.

## આંતરરાષ્ટ્રીય

### ભારત વૈશ્વિક બૌદ્ધિક સંપદા સૂચકાંકમાં ૪૪ માં સ્થાન પર રહ્યું.

યુ.એસ.ચૈમ્બર્સ ઓફ કોમર્સ રીપોર્ટના અનુસાર ભારતે આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા (આઈ.પી.) સૂચકાંકમાં પોતાના અંકોને સારી રીતે વધારેલ છે.

૫૦ દેશોમાં ભારત ૪૪ માં સ્થાન પર રહેલ છે, ગયા વર્ષે ભારત ૪૫ દેશોમાં ૪૩ માં સ્થાન પર હતું.

આ સૂચકાંકમાં મુખ્ય ત્રણ દેશોમાં સયુંકત રાજય અમેરિકા પ્રથમ, યુનાઈટેડ કિંગડમ બીજું તથા સ્વીડન ત્રીજા નંબર રહેલ છે.

યુ.એસ. ચૈમ્બર્સ ઓફ કોમર્સના ગ્લોબલ ઈનોવેશન પોલીસી સેન્ટર (જી.આઈ.પી.સી.) દ્વારા તૈયાર કરવામાં આવેલ રીપોર્ટ અનુસાર છઠ્ઠા સંસ્કરણમાં ભારતના કુલ અંકોમાં પાંચમાં સંસ્કરણ કરતા ૨૫ ટકાનો સુધારો થયો છે.

## રમત-જગત

### આઈસ હોકી માટે ગીનીસ બુકમાં રેકોર્ડ નોંધાવવા માટે લડાખમાં આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રતિયોગીતા આયોજિત કરવામાં આવી.

વિશ્વના સૌથી ઊંચા સ્થાન પર આઈસ હોકી માટે ગીનીસ બુકમાં રેકોર્ડ નોંધાવવા માટે જમ્મુ-કાશ્મીરના લડાખ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરની આ સ્પર્ધા આયોજિત કરવામાં

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આવેલ.

આ પ્રતિયોગિતામાં અમેરિકા, જર્મની, કેનેડા અને સ્લોવાકિયા, રશિયા અને સ્થાનિક ટીમોએ ભાગ લીધેલ.

આ સ્પર્ધાનું આયોજન લડાખ વિન્ટર સ્પોર્ટ્સ ક્લબ, અને હોકી ફાઉન્ડેશન અને લાલોક વિન્ટર સ્પોર્ટ્સ તરફથી કરવામાં આવેલ.

## અન્ય

### હરદયાલ પ્રસાદને એસ.બી.આઈ. કાર્ડના એમ.ડી. અને સીઈઓના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા.

દેશની સૌથી મોટી બીજા નંબરની ક્રેડીટ કાર્ડ ઈશ્યુ કરનાર એસ.બી.આઈ.કાર્ડે હરદયાલ પ્રસાદને કંપનીના નવા પ્રબંધ નિર્દેશક અને મુખ્ય કાર્યકારી અધિકારીના રૂપમાં નિયુક્ત કરેલ છે.

હરદયાલ પ્રસાદ હવેથી વિજય જાસુજાનું પદ સંભાળશે.

આ નિયુક્તિ પહેલા તેઓ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સાથે કાર્ય કરતા હતા.

તેઓ ત્યાં બેંકમાં ઘણા મહત્વના ખાતાઓ સંભાળતા હતા.

વર્ષ ૧૯૮૩ માં તેઓ એસ.બી.આઈ. અધિકારી તરીકે સામેલ થયા હતા.

હાલ એચ.ડી.એફ.સી. બેંક ભારતમાં સૌથી વધારે ક્રેડીટ કાર્ડ ઈશ્યુ કરનાર બેંક છે.

## સમીક્ષા, તારીખ ૧૦/૦૨/૨૦૧૮

### ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સનું સમાપન,હરિયાણાએ જીત્યા સૌથી વધારે પદક.

પ્રથમ ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સનું સમાપન નવી દિલ્હીમાં કરવામાં આવેલ.

જેમાં ખેલોનું ગઢ ગણાતું હરિયાણાએ કુલ મળીને સૌથી વધારે ૧૦૨ પદક જીત્યા.

હરિયાણા દ્વારા જીતાયેલા પદ્કમાં ૩૮ સુવર્ણ અને ૨૬ રજત પદક છે.

આ ખેલો ઈન્ડિયા ખેલ ૮ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ સમાપ્ત થયો.

મહારાષ્ટ્ર રાજ્યે આ ખેલોમાં ૧૧૦ પદક જીત્યા છે, પરંતુ તેમાં ૩૬ સુવર્ણ અને ૪૨ કાંસ્ય પદક છે.

દિલ્હી પદક જીતવામાં ત્રીજા સ્થાન પર રહેલ દિલ્હીએ ૨૫ સુવર્ણ, ૨૯ રજત અને ૪૦ કાંસ્ય પદક સાથે ૯૪ પદક જીતેલ છે.

ખેલમંત્રી કર્નલ રાજ્ય વર્ધનસિંહ રાઠોડે રમતોમાં પ્રથમ સ્થાન હાંસલ કરનાર



EduSafar

હરિયાણાને ટ્રોફી પ્રદાન કરેલ છે.

## કરંટ અફેર્સ, તારીખ ૧૧/૦૨/૨૦૧૮

### રાષ્ટ્રીય

**ગ્રાસરૂટ ઈન્ફોર્મેટીક્સ પર રાષ્ટ્રીય બૈઠક-વી.વી.આઈ.ડી.-૨૦૧૮ આયોજિત કરાઈ.**

રાષ્ટ્રીય સૂચના વિજ્ઞાન કેન્દ્ર (એન.આઈ.સી.) એ ભારતીય નિવાસ કેન્દ્ર નવી દિલ્હીમાં આ બેઠકનું આયોજન કરેલ.

આ બેઠક ત્રણ દિવસ માટે રાષ્ટ્રીય સ્તર પર યોજવામાં આવેલ છે.

વી.વી.આઈ.ડી. નો વિષય રાખવામાં આવેલ છે, 'સાઈબર સુરક્ષા અને નવાચાર'.

આ સમારોહનું ઉદ્ઘાટન કેન્દ્રીય સૂચના પ્રાધોગિકી,કાનુન અને ન્યાયમંત્રી રવિશંકર પ્રસાદ દ્વારા કરવામાં આવેલ.

રાષ્ટ્રીય સૂચના વિજ્ઞાન કેન્દ્ર (એન.આઈ.સી.) ની સ્થાપના વર્ષ ૧૯૭૬ માં કરવામાં આવેલ.

### આંતરરાષ્ટ્રીય

**દેશના વડાપ્રધાનશ્રીને 'ગ્રાન્ડ કોલાર ઓફ ધ સ્ટેટ ફિલીસ્તાન'થી સન્માનિત કરવામાં આવ્યા.**

ભારત અને ફિલીસ્તાન વચ્ચે સંબંધોને વધારવા માટે દેશના પ્રધાનમંત્રીને ફિલીસ્તાનના રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસે 'ગ્રાન્ડ કોલાર ઓફ ધ સ્ટેટ ફિલીસ્તાન'થી સન્માનિત કરેલ છે.

રાષ્ટ્રપતિ અબ્બાસે બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય બેઠકના સમાપન બાદ આ સન્માન આપવામાં આવેલ છે.

મોદી ફિલીસ્તાન દેશની આધિકારિક યાત્રા કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન છે.

'ગ્રાન્ડ કોલાર ઓફ ધ સ્ટેટ ફિલીસ્તાન' સન્માન વિદેશી ગણમાન્ય વ્યક્તિઓ-રાજાઓ,રાજ્યોના પ્રમુખો સરકાર અને સમાન રેન્કના વ્યક્તિઓને આપવામાં આવે છે.

'ગ્રાન્ડ કોલાર ઓફ ધ સ્ટેટ ફિલીસ્તાન'થી આ પહેલા સાઉદી અરબના રજા સલમાન,તથા બહરીનના રાજા હમદ તથા ચીનના રાષ્ટ્રપતિ શી જીનપિંગને સન્માનિત કરવમાં આવેલ.

### રમત-જગત

**દક્ષિણ કોરીયાના પ્યોંગયાંગમાં વિન્ટર ઓલિમ્પિક રમતોત્સવની શરૂઆત થઈ.**

૨૩ માં વિન્ટર ઓલિમ્પિક રમતોત્સવની આધિકારિક શરૂઆત દક્ષિણ આફ્રિકાના પ્યોંગયાંગમાં થયેલ છે.

EduSafar

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ સ્પર્ધામાં વિશ્વના ૯૨ જેટલા દેશો ભાગ લઇ રહ્યા છે.

પ્યોંગયાંગમાં ૧૦૨ પદકો હશે, જેમાં સાત રમતો અને ૧૫ શ્રેણીઓ હશે.

મેજબાન દક્ષિણ કોરિયાએ સમારોહ દરમિયાન પાડોશી દેશ ઉત્તર કોરિયા સાથે એકતાનો એક શો પણ પ્રસ્તુત કરેલ.

દક્ષિણ કોરિયાની રાજધાની સિયોલ છે,જયારે તેના રાષ્ટ્રપતિ મૂન-જૈ-ઇન છે.

## અન્ય

### પ્રખ્યાત સાહિત્યકાર ચંદ્રશેખર રથનું અવસાન થયું.

પ્રસિદ્ધ સાહિત્યકાર ચંદ્રશેખર રથનું અવસાન હાલમાં ૮૯ વર્ષની વયે થયેલ છે.

તેમનું અવસાન વૃદ્ધાવસ્થાની બીમારીઓના કારણે થયેલ છે.

ઓડિયો સાહિત્ય માટે તેમના યોગદાન માટે તેઓને હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ.

તેઓના ત્રણ ઉપન્યાસ યંત્રરુદ્ર (ધ ઇન્સ્ટ્રુમેટેડ) વર્ષ ૧૯૬૭ અસૂર્ય ઉપનિવેશ (ધ સનલેસ કોલોની) ૧૯૭૪ અને નવ જાતક (રેજેસિન્સ) ૧૯૮૧ એ તેઓને સાહિત્યમાં વિશેષ સ્થાન આપવેલ છે.

તેઓને સાહિત્ય અકાદમી પુરસ્કાર તથા સરલા પુરસ્કાર જેવા સાહિત્યિક પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

## સમીક્ષા,તારીખ ૧૧/૦૨/૨૦૧૮

### એન.પી.સી.આઈ.એ બિસ્વામોહન મહાપાત્રાને ગૈર કાર્યકારી અધ્યક્ષના રૂપમાં નિયુકત કરાયા...

એન.પી.સી.આઈ.નું પુરુનામ નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા થાય છે.

તેઓને તત્કાલ પ્રભાવથી બે વર્ષ માટે આ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા છે.

હવેથી તેઓ બી.સામ્બાંમૂર્તિની જગ્યા પર ફરજ બજાવશે.

એન.પી.સી.આઈ. ભારતમાં રીટેઈલ ચુકવણી પ્રણાલી પર કાર્ય કરનાર સંગઠન છે.

એન.પી.સી.આઈ. નું મુખ્ય કાર્યાલય મુંબઈમાં આવેલ છે.

એન.પી.સી.આઈ.એ હાલમાં દિલીપ અસબેને પોતાના પ્રબંધ નિર્દેશક અને સીઈઓના રૂપમાં નિયુક્ત કર્યા છે.

Google Play Store પર જઇ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

# કરંટ અફેર્સ, તારીખ ૧૨/૦૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### યુનાની ચિકિત્સા પર આંતરરાષ્ટ્રીય સંમેલનનું ઉદ્ઘાટન થયું.

ડો.જીતેન્દ્રસિંહના હસ્તે ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ નવી દિલ્હી ખાતે યુનાની ચિકિત્સા પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય સંમેલનનું ઉદ્ઘાટન કરવામાં આવેલ છે.

આ વર્ષ યુનાની પધ્ધતિ માટે વિશેષ છે, કારણ કે આ વર્ષે હકીમ અજમલ ખાનની ૧૫૦ મી જન્મ જયંતિ છે.

આને ધ્યાનમાં રાખીને આયુષ મંત્રાલયના આધીન યુનાની ચિકિત્સામાં સંશોધન માટે કેન્દ્રીય પરિષદ યુનાની દિવસ મનાવવા માટેના હિસ્સાના રૂપમાં યુનાની ચિકિત્સા પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય સંમેલન આયોજિત કરાયું છે.

આ સંમેલનની મુખ્ય થીમ છે, 'મુખ્યધારા સ્વાસ્થ્ય સેવામાં યુનાની ચિકિત્સા પ્રણાલીનું એકીકરણ'.

આ સંમેલનમાં ભારત સિવાયના અન્ય દેશોના પ્રતિનિધિઓ પણ હાજર રહેશે.

યુનાનીમાં વિશેષ યોગદાન આપનાર હકીમ અજમલની જન્મજયંતી ૧૧ ફેબ્રુઆરીના રોજ મનાવાય છે.

## આંતરરાષ્ટ્રીય

### દેશના પ્રધાનમંત્રીએ યુએઈ યાત્રા દરમિયાન અબુધાબીમાં પ્રથમ હિંદુ મંદિરનું ખાતમુહુર્ત કર્યું.

દેશના પ્રધાનમંત્રીએ યુએઈમાં યાત્રા દરમિયાન અબુધાબીમાં પ્રથમ હિંદુ મંદિરની આધારશીલા રાખેલ છે.

દુબઈના ઓપેરા હાઉસમાં વિડીયો કોન્ફરન્સીંગના માધ્યમથી મંદિરનો શિલાન્યાસ કરેલ છે.

અહી એકપણ હિંદુ મંદિર નથી, આ મંદિર ૨૦ હજાર સ્કવેર મીટરમાં બનાવવામાં આવશે.

મંદિરનું નિર્માણ વર્ષ ૨૦૨૦ સુધીમાં કરી દેવામાં આવશે.

## રમત-જગત

### ચાર્લોટ કાલ્લ્લાએ પ્યોંગચાંગ વિન્ટર ઓલિમ્પિકમાં પ્રથમ સુવર્ણ પદક જીત્યો.

સ્વીડનની ચાર્લોટ કાલ્લાએ પ્યોંગચાંગ વિન્ટર ઓલિમ્પિકમાં પ્રથમ સુવર્ણપદક પોતાના

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

નામ કરેલ છે.

કાલ્લાએ મહિલાઓના સ્કીયાથલોન ક્રોસ કન્ટ્રી રેસમાં નોર્વેની મેરીટ બ્જોર્ગનને લગાતાર ત્રીજીવાર સુવર્ણપદક પર કબજો કરવા પર રોકી દીધેલ છે.

વિન્ટર ઓલિમ્પિક રમતોત્સવનું આયોજન દક્ષિણ કોરિયાના પ્યોંગચાંગ શહેરમાં થયેલ છે.

આ રમતોત્સવ ૯ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૮ સુધી ચાલશે.

આ આયોજનમાં ૯૨ દેશોના ત્રણ હજારથી વધારે ખેલાડીઓ ભાગ લેશે.

## અન્ય

### દિલ્હી સરકાર અને એમ.ઓ.ઈ.એફ.બંનેએ 'સ્વચ્છ વાયુ અભિયાન' શરુ કર્યું.

દિલ્હી સરકાર અને પર્યાવરણ,વન અને જળવાયું પરિવર્તન મંત્રાલયના સયુંકત પ્રયાસોથી 'સ્વચ્છ વાયુ અભિયાન' શરુ કરવામાં આવેલ છે.

આ અભિયાનની ૧૦ થી ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૮ સુધી ચાલશે.

આ સંબંધમાં પર્યાવરણ,વન અને જળવાયું પરિવર્તન મંત્રાલય સી.પી.સી.બી. દિલ્હી સરકાર તથા અન્ય સંસ્થાઓના ૭૦ સયુંકત દળોની રચના કરવામાં આવી છે.

આ જૂથ દિલ્હીના તમામ પ્રસાશનિક વિભાગોની મુલાકાત લેશે, ત્યાં થતા પ્રદુષણને જોધે, અને તેના ઉપાય માટેની કામગીરી કરશે.

આ ઉપરાંત વધારે માત્રામાં પ્રદુષણ ફેલાવનાર સામે દંડાત્મક પગલાં પણ ભરશે.

## સમીક્ષા,તારીખ ૧૧/૦૨ /૨૦૧૮

### રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસ મનાવાયો...

કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય મંત્રી જે.પી.નદ્દાએ ગુરુગ્રામમાં એક સમારોહમાં રાષ્ટ્રીય કૃમિ મુકિત દિવસનો શુભારંભ કરેલ.

આ દિવસ ૧૦ અને ૧૧ ફેબ્રુઆરીના રોજ મનાવવામાં આવે છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીના કહેવા અનુસાર આ રાષ્ટ્રીય કૃમિ મુક્તિ દિવસે સરકારે ૩૨.૨ કરોડથી વધારે બાળકો સુધી પહોંચવાનું લક્ષ્ય રાખેલ છે.

આ દિવસ દેશના દરેક બાળકને કૃમિથી મુક્ત કરવામાં માટે મનાવવામાં આવે છે.

વિશ્વમાં ૮૩૬ મીલીયનથી વધારે બાળકો ઉપર પરજીવી કૃમિ સંક્રમણનું જોખમ છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા કહેવામાં આવેલ છે કે ભારતમાં ૧ થી ૧૪ વર્ષની ઉંમર વાળા બાળકો ૨૪૧ મીલીયન છે, જે પરજીવી આંતર કીડાનું જોખમ ધરાવે છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ કૃમિને માટી આધારિત કૃમિ સંક્રમણના નામથી પણ ઓળખવામાં આવે છે.

## કરંટ અફેર્સ, તારીખ ૧૩/૦૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### મંત્રી નીતિન ગડકરીએ ભારતના પ્રથમ હાઈવે કૈપેસિટી મૈન્યુઅલ જાહેર કરેલ છે.

દેશના સડક અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ નવી દિલ્હીમાં ભારતના પ્રથમ હાઈવે કેપેસીટી મેન્યુઅલને જાહેર કરેલ છે.

આ મેન્યુઅલને ઈન્ડો- એચ.સી.એમ.ના રૂપમાં પણ ઓળખવામાં આવે છે.

અને તેના એક લાઈન-બે લાઈન, તથા બહુ લાઈન શહેરી સડકો અને આ સડકો પર સંબધિત વિસ્તારોની અલગ-અલગ શ્રેણીઓની સડકો પર ટ્રાફિક વિશેષતાઓના વ્યાપક,દેશ –વ્યાપક અધ્યયનના આધાર પર સી.એસ.આઈ.આર.- સી.આર.આર.આઈ. વિક્સિત કરવામાં આવેલ છે.

સી.એસ.આઈ.આર.નું પુરુનામ કાઉન્સલ ઓફ સાયન્ટીફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ થાય છે.

સી.આર.આર.આઈ.નું પુરુનામ સેન્ટ્રલ રોડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ થાય છે.

## આંતરરાષ્ટ્રીય

### દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ત્રણ રાષ્ટ્રના પ્રવાસે પ્રધાનમંત્રીએ ભારત-ઓમાન વ્યાપાર બેઠકમાં સીઈઓ સાથે મુલાકાત કરી.

દેશના પ્રધાનમંત્રીએ ત્રણ રાષ્ટ્રોના પ્રવાસમાં છેલ્લા ત્રણ દિવસોમાં તેમણે મસ્કતમાં ભારતના દુતાવાસ સાથે વાણીજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા આયોજિત ભારત-ઓમાન બિજનેસ મીટમાં વ્યાપારીઓને સંબોધિત કર્યા.

આ મંચનો ઉદેશ્ય ઓમાની અને ભારતીય ઉદ્યોગ સાહસિકોને અન્ય સફળ વ્યવસાય માટે પ્રેરિત કરવાનો છે.

દેશના પ્રધાનમંત્રીએ ઓમાનના મુખ્ય કાર્યકારી અધિકારીઓ સાથે મુલાકાત કરી અને ભારતમાં વધારે રોકાણ કરવાની સંભાવનાઓ બતાવી.

ઓમાનની રાજધાની મસ્કત છે,તેનું ચલણ ઓમાની રીયાલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## રમત-જગત

### શર્મિલા નીકોલેટ,ચીન એલ.પી.જી.એ. ટુર માટે ક્વાલીફાઈ કરનાર પ્રથમ ભારતીય મહિલા ગોલ્ફર બન્યા.

શર્મિલા નીકોલેટ ચાઈના લેડીઝ પીજીએ. ટુર માટે ક્વાલીફાઈ કરનાર પ્રથમ ભારતીય ગોલ્ફર બન્યા છે.

બેંગલુરુના આ ૬ વર્ષીય ગોલ્ફરે છેલ્લા બે રાઉન્ડમાં લય હાંસલ કરીને ટુરકાર્ડ પ્રાપ્ત કરેલ છે.

આ પહેલા લેડીઝ યુરોપીય ટુર પર રમી ચુકેલા શર્મિલાએ સંયુક્ત ૨૧ માં સ્થાન પર રહીને ક્વાલીફાઈ કરેલ.

આ ટુર્નામેન્ટમાં ૮૮ ખેલાડીઓએ ભાગ લીધેલ,જેમાંથી ૩૦ ને કાર્ડ મળેલ.

## અન્ય

### વિશ્વ સ્તર પર મુંબઈ ૧૨ મુ સૌથી અમીર શહેર જાહેર થયું.

ન્યુ વર્લ્ડ વેલ્થના એક રીપોર્ટ અનુસાર ભારતની ફાયનાન્સિયલ કેપિટલ મુંબઈની કુલ વેલ્થ ૯૫૦ અરબ ડોલર (૬૧ લાખ કરોડ રૂપિયા) થી વધારે છે.

આ રીતે આ શહેર વિશ્વના સૌથી અમીર શહેરોમાં ૧૨ માં સ્થાન પર રહેવા પામેલ છે.

વિશ્વના સૌથી અમીર શહેરના રૂપમાં ન્યુયોર્ક પ્રથમ સ્થાન પર રહ્યું છે.

શેરોની કુલ સંપતિમાં અહી રહેવા વાળાની પોતાની મેળવેલી કમાણી (સંપતિ, રોકડ, શેર, કારોબાર ભાગીદારી) પણ ધ્યાને લેવામાં આવેલ છે.

આ સર્વેમાં સરકારના ફંડને સામેલ કરવામાં આવેલ નથી.

આ સૂચિમાં સૌથી અમીર ત્રણ શહેરોમાં ન્યુયોર્ક ,લંડન અને ટોક્યોનો સમાવેશ થાય છે.

## સમીક્ષા,તારીખ ૧૩/૦૨/૨૦૧૮

### કૃષ્ણા સોબતીને ૫૩ મો જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થશે...

દેશનું સર્વોચ્ચ સાહિત્યિક સન્માન જ્ઞાનપીઠ પુરસ્કાર હિન્દીના વરિષ્ઠ સાહિત્યકાર કૃષ્ણા સોબતીને આપવામાં આવશે.

કૃષ્ણા સોબતીને વર્ષ ૨૦૧૭ માટે આ પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

પ્રવર્તમાન બેઠકમાં પ્રો. નામવર સિંઘની અધ્યક્ષતામાં ૫૩ મો જ્ઞાનપીઠ પુરસ્કાર હિન્દી સાહિત્યના વરિષ્ઠ સાહિત્યકાર કૃષ્ણા સોબતીને આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ પુરસ્કાર સાહિત્ય ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ પ્રદાન માટે આપવામાં આવે છે.

વર્ષ ૧૯૫૦ માં તેમની કહાની લામાથી સાહિત્યિક તેણીએ સાહિત્યિક સફરની શરૂઆત કરી હતી.

કૃષ્ણા સોબતીના ઉપન્યાસ જિંદગીનામાં માટે તેણીને વર્ષ ૧૯૮૦ માં સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયેલ.

વર્ષ ૧૯૯૬ માં તેણીને અકાદમીના ઉચ્ચતમ સન્માન સાહિત્ય અકાદમી ફેલોશીપથી નવાજવામાં આવેલ.

પ્રથમ જ્ઞાનપીઠ પુરસ્કાર વર્ષ ૧૯૬૫ માં જી. શંકર કુરૂપને એનાયત થયેલ.તેઓ મલયાલમ ભાષાના લેખક હતા.

# કરંટ અફેર્સ, તારીખ ૧૪/૦૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### આર. કે. સિંહે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય સંમેલન ઈન્ડિયા પાવર સ્ટેશન ૨૦૧૮ નું ઉદ્ઘાટન કર્યું.

વિદ્યુત અને નવીન તથા નવીનીકરણીય ઉર્જાના રાજ્ય મંત્રી શ્રી આર.કે. સિંહે નવી દિલ્હીમાં ઈન્ડિયન પાવર સ્ટેશન ૨૦૧૮ નું ઉદ્ઘાટન કરેલ છે.

આ સંમેલન ત્રણ દિવસ માટેનું આંતરરાષ્ટ્રીય સ્તરનું છે.

મંત્રીશ્રીએ નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન ને અન્ય રાષ્ટ્રોમાં વીજળી એકમોની સ્થાપનાના માધ્યમથી ભારતને વીજળી ક્ષેત્રે માં બહુરાષ્ટ્રીય બનાવવા માટેનો પરામર્શ આપેલ.

મંત્રીના કહેવા મુજબ શ્રીલંકા, નેપાળ, મ્યાનમાર અને બાંગ્લાદેશ જેવા પાડોશી દેશોની સરખામણીએ આપની પાસે પર્યાપ્ત બજાર છે.

ભારત કરતા ઉપરોક્ત દેશોમાં વીજળીના પ્રતિ યુનિટ દર વધારે છે.

## આંતરરાષ્ટ્રીય

### ૧૩ ફેબ્રુઆરીના રોજ વિશ્વ રેડિયો દિવસ મનાવાયો.

દર વર્ષે ૧૩ ફેબ્રુઆરીના રોજ વિશ્વ રેડિયો દિવસ મનાવવામાં આવે છે.

આ વર્ષે વર્લ્ડ રેડિયો દિવસનો વિષય રાખવામાં આવેલ હતો, 'રેડિયો એન્ડ સ્પોર્ટ્સ'.

આ દિવસનું આયોજન વિશ્વ સ્તર પર યુનેસ્કો દ્વારા કરવામાં આવે છે.

આ દિવસનો ઉદ્દેશ્ય મુખ્ય રૂપથી રેડિયોનું મહત્વ સાર્વજનિક અને મીડિયા મારફતે

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

લોકોને વધારે જાગૃત બનાવવાનો છે.

ફ્રાંસના ઓડ્રે એન્જોલ યુનેસ્કોના ૧૧ માં ડી.જી.છે, આ સંસ્થાનું વડુમથક પેરિસ-ફ્રાન્સમાં આવેલ છે.

## રમત-જગત

### કિશન ગાંગોલીએ બ્લાઈન્ડો માટેની રાષ્ટ્રીય શતરંજ ચેમ્પિયનશીપનું ૧૩ મુ સંસ્કરણ જીત્યું.

કર્ણાટકના ડીફેન્ડીંગ ચેમ્પિયન કિશન ગાંગોલીએ મુંબઈમાં અંધ લોકો માટેની રાષ્ટ્રીય 'એ' શતરંજ ચેમ્પિયનશીપનું ૧૩ મુ સંસ્કરણ જીતેલ છે.

આ ચેમ્પિયનશીપ ફોર ધ બ્લાઈંડ દ્વારા આયોજિત કરવામાં આવેલ.

૧૩ માં રાઉન્ડના અંતમાં એશિયાઈ ચેમ્પિયનશીપ વિજેતા ગાંગોલી ૧૦.૫ અંકો સાથે લગાતાર પાંચમીવાર વિજેતા બનેલા.

ગુજરાતના અશ્વિન મકવાણા ૯.૫ અંકો સાથે સાથે બીજા સ્થાન પર રહ્યા હતા.

ઓરિસ્સાના સૌન્દર્ય કુમાર પ્રધાન નવ અંકો સાથે ત્રીજા સ્થાન પર રહ્યા હતા.

## અન્ય

### દુબઈમાં ખુલી વિશ્વની સૌથી ઉંચી હોટલ 'ગેવારો'.

અલ અતર સમૂહ દ્વારા વિકસિત દુબઈમાં ગેવારો હોટલ ખુલ્લી મુકવામાં આવી છે.

આ હોટલ વિશ્વની સૌથી ઉંચી હોટલ બની ગઈ છે.

તેની ઉંચાઈ ૩૫૬ મીટર અને ૫૩ સેન્ટીમીટર જેટલી બની છે.

આ હોટલ આજ શહેરમાં આજ સુધીની સૌથી ઉંચી હોટલ ગણાતી જે.ડબલ્યુ મૈરીયટ મરકુસની તુલનામાં એક મીટર ઉંચી છે.

ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા તેની નોંધ કરવામાં આવી છે.

## સમીક્ષા,તારીખ ૧૪/૦૨/૨૦૧૮

### રાષ્ટ્રીય ઉત્પાદકતા દિવસ ૧૨ મી ફેબ્રુઆરીના રોજ મનાવાયો...

રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ દ્વારા દિવસ ૧૨ મી ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ રાષ્ટ્રીય સ્તર પર મનાવવામાં આવ્યો.

તથા આ પરિષદ દ્વારા ૧૨ થી ૧૮ ફેબ્રુઆરી સુધી રાષ્ટ્રીય ઉત્પાદકતા સપ્તાહ મનાવવાનું જાહેર કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય ઉત્પાદકતા સપ્તાહ ૨૦૧૮ નો વિષય 'ઉદ્યોગ ૪.૦' ભારત માટે મોટી

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

હરણફાળ લગાવવાનો અવસર છે.
ઉદ્યોગ ૪.૦ અથવા ચોથી ઔધોગિક ક્રાંતિ વિશ્વભરમાં એક શક્તિશાળી બળ સ્વરૂપે ઉભરી સામે આવશે.
આને આવનારી નવી ઔધોગિક ક્રાંતિ સ્વરૂપે ઓળખવામાં આવશે.
આ અંતર્ગત ડીઝીટલાઈજેશન અને ઉત્પાદન વેલ્યુ ચેનની પરિકલ્પના કહેવામાં આવી છે.
વર્ષ ૨૦૧૮ માં રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદની ૬૦ મી વર્ષગાંઠ છે.

## કરંટ અફેર્સ, તારીખ ૧૫/૦૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### મોદી કેયરને ના કહેનાર પ્રથમ રાજ્ય પશ્ચિમ બંગાળ બન્યું.

પશ્ચિમ બંગાળ સરકાર પહેલાથી જ ૫૦ લાખથી વધારે લોકોને સ્વાસ્થ્ય સાથી કાર્યક્રમ અંતર્ગત જોડી ચુક્યા છે.
મુખ્ય મંત્રી મમતા બેનર્જીએ કેન્દ્રીની મોદી કેયર યોજનાથી બહાર રહેવાનો નિર્ણય કરેલ છે.
આ રાજ્યએ દેશની મહત્વાકાંક્ષી યોજનાથી બહાર રહેવાનો નિર્ણય કરેલ છે.
કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ આને અમેરિકા,બ્રિટન અને જર્મની તથા ફ્રાંસના સયુંક્ત નાગરિકોની તુલનામાં મોટી આબાદી માટે ગુણવતા,સ્વાસ્થ્ય કવર પ્રદાન કરવા માટે સૌથી મોટી વૈશ્વિક યોજના બતાવતા ૧ ફેબ્રુઆરીએ લોન્ચ કરી હતી.
એન.એચ.પી.એસ.નું પુરુનામ નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમ થાય છે.

## આંતરરાષ્ટ્રીય

### બેંક ઓફ બરોડા માર્ચના અંત સુધીમાં દક્ષિણ આફ્રિકાની શાખા બંધ કરશે.

રાજ્યના પ્રભુત્વ વાળી બેંક ઓફ બરોડા ૨૧ વર્ષ બાદ માર્ચના અંત સુધીમાં પોતાની દક્ષિણ આફ્રિકાની શાખા બંધ કરશે.
બેંક દ્વારા કહેવામાં આવેલ છે કે તેઓ વિદેશી શાખાઓના યુક્તિકરણ માટે પોતાની રણનીતિક યોજનાના ભાગ રૂપે દક્ષિણ આફ્રિકામાં શાખાને બંધ કરશે.
હાલ બેંક ઓફ બરોડાના અધ્યક્ષ તરીકે રવિ વેંકટેશન સેવા આપી રહ્યા છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

બેંક ઓફ બરોડાના નિર્દેશક તથા સીઈઓ તરીકે પી.એસ.જયાકુમાર સેવા આપી રહ્યા છે.

બેંક ઓફ બરોડાની કુલ શાખાઓ ૫૫૫૮ છે, તેનું વડુમથક વડોદરા ખાતે આવેલ છે, અને આ બેંકની ૧૦૭ જેટલી વિદેશી શાખાઓ છે.

## રમત-જગત

### ૨૩ માં વિન્ટર ઓલિમ્પિકના ફિગર સ્કેટિંગમાં કેનેડાને ગોલ્ડ મેડલ મળ્યો.

૨૩ માં વિન્ટર ઓલિમ્પિકમાં કેનેડાની ટીમે ફિગર સ્કેટિંગમાં પ્રથમ સ્થાન મેળવેલ છે.

જયારે રશિયન ટીમ બીજ સ્થાને રહેતા સિલ્વર મેડલ મેળવવામાં સફળ રહેલ છે.

આ શ્રેણીમાં અમેરિકાએ ત્રીજું સ્થાન મેળવતા બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.

કેનેડાએ કુલ ૭૩ પોઈન્ટ, રશિયાએ ૬૬ અને અમેરિકાને ૬૨ પોઈન્ટ મળેલ.

કેનેડાની ટીમના પેટ્રિક ચાન પુરુષ ફ્રી સ્કેટમાં પરફેક્ટ ૧૦ પોઈન્ટ મેળવી પ્રથમ સ્થાને રહેલ.

## અન્ય

### ચંદ્ર શેખર કંબાર બન્યા, સાહિત્ય અકાદમીના નવા અધ્યક્ષ.

કન્નડના મશહુર સાહિત્યકાર ચંદ્રશેખર કંબારને સાહિત્ય અકાદમીના અધ્યક્ષના રૂપમાં ચૂંટણીમાં પસંદ કરવામાં આવ્યા છે.

તેમણે વિશ્વનાથ પ્રસાદ તિવારીની જગ્યા લીધી છે.

આ ઉપરાંત હિન્દીના લેખક માધવ કૌશિક ઉપાધ્યક્ષ ચૂંટવામાં આવ્યા છે.

અનંતમૂર્તિના પદ માટે ચૂંટણી બાદ આ બીજીવાર છે, જયારે તેઓ સાહિત્ય અકાદમીની ચૂંટણી થઈ હોય.

(પ્રો.કમ્બાર) દસ વર્ષથી વધારે અકાદમી બોર્ડના કાર્યકારી સદસ્ય રહી ચુક્યા છે.

સાહિત્ય અકાદમીની સ્થાપના વર્ષ ૧૯૫૪ માં થયેલ છે.

## સમીક્ષા, તારીખ ૧૫/૦૨/૨૦૧૮

### નવી દિલ્હીમાં ભારત-રશિયા કૃષિ સંમેલન આયોજિત થયું...

ભારત-રશિયા કૃષિ સંમેલન ૨૦૧૮ નું આયોજન નવી દિલ્હીમાં કરવામાં આવેલ.

બંને દેશોએ કૃષિ ક્ષેત્રમાં વ્યાપાર સંબંધી ચર્ચા કરી હતી.

આ શિખર સંમેલનનું આયોજન કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય દ્વારા કરવામાં

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આવેલ.

ગજેન્દ્ર સિંહ શેખાવત, કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી અને સેર્ગેઈ બેલેસ્ટકી, ઉપમંત્રી કૃષિ મંત્રાલય રશિયાએ ભારત-રશિયા કૃષિ વ્યવસાય સંમેલનને સંબોધિત કરેલ.

હાલ ભારતની મોટા ભાગની પ્રજા ખેતી ક્ષેત્રમાંથી આવક મેળવી રહી છે ત્યારે અન્ય દેશો સાથેની ભાગીદારી ભારત માટે વિશેષ આવકાર દાયક રહેશે.

ભારતના કિસાન કલ્યાણ મંત્રી તરીકે રાધા મોહન સિંહ સેવા આપી રહ્યા છે.

## કરંટ અફેર્સ, તારીખ ૧૬/૦૨/૨૦૧૮

### રાષ્ટ્રીય

#### ભારત આઠમા થીયેટર ઓલિમ્પિકની મેજબાની કરશે.

ભારતે વિશ્વ થીયેટર નકશામાં ટોચના રાષ્ટ્રો વચ્ચે દ્રઢ સ્વરૂપથી સ્થાપિત કરવાના પ્રયાસમાં દેશ આઠમા થીયેટર ઓલિમ્પિકનું આયોજન કરશે.

આ આયોજન થેસ્પીયનિસ્મનો સૌથી મોટો કાર્નિવલ હશે.

૫૧ દિવસ સુધી ચાલનાર આ ઉત્સવનું ઉદ્ઘાટન લાલ કિલ્લામાં કરવામાં આવશે.

તેમાં આંતરરાષ્ટ્રીય કલાકારો દ્વારા કરવામાં આવેલ ૬૫ શો સહીત ૪૫૦ શો યોજાશે.

૬૦૦ પરિવેશ અને ૨૫૦ યુવામંચ શો દેખાડવામાં આવશે.

થીયેટર ઓલિમ્પિક વર્ષ ૧૯૯૩ માં ગ્રીસના ડેલ્ફીમાં સ્થાપિત કરવામાં આવેલ.

### આંતરરાષ્ટ્રીય

#### જૈકબ જુમાએ દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું.

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ જૈકબ જુમાએ પોતાના પદ પરથી રાજીમાનું આપી દીધેલ છે.

તેઓએ આ નિર્ણય આફ્રિકી નેશનલ કોંગ્રેસ દ્વારા સંસદમાં તેમના વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પારિત કરવાની ધમકી દીધા બાદ એક ટીવી ચેનલમાં દેશને સંબોધિત કરતા આ જાહેરાત કરી હતી.

૭૫ વર્ષીય નેતા,જે છેલ્લા ૯ વર્ષથી દેશના રાષ્ટ્રપતિ હતા.

તેઓએ અન્ય દબાવ વધતા આ પગલું ભરેલ છે.આ ઉપરાંત ઉપરાષ્ટ્રપતિ સિરિલ રામફાસાને એ.એન.સી.ના નવા નેતા માટે રસ્તો કરી દીધેલ છે.

જુમાએ આ રાજીનામું લાંબા સમય સુધી ભ્રષ્ટાચારના આરોપો અને લોકોના વધતા

EduSafar

દબાણને વશ થઇ આપેલ છે.

## રમત-જગત

### રોટરડમ ઓપન ટેનીસમાં પાંચમાં ક્રમના વાવરિંકા વિશ્વના ૨૫૯ ક્રમના ખેલાડી સામે હાર્યા.

ત્રણવાર ગ્રાન્ડ સ્લેમ જીતનાર સ્ટેનીસ્લાસ વાંવરિંકા રોટરડમ ઓપન ટેનીસ ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં પરાજિત થયેલા.

તેઓ તેલોન ગ્રીકસ્પુર સામે ૪-૬, ૬-૩, અને ૬-૨ થી પરાજિત થયા છે.

સ્વીત્ઝરલૅન્ડના સ્ટેનીસ્લાસ વાંવરિંકા વર્ષ ૨૦૧૫ માં અહી ટાઈટલ જીતી ચુક્યા છે.

## અન્ય

### ચંદ્રબાબુ નાયડુ દેશના સૌથી અમીર મુખ્યમંત્રી એ.ડી.આર.રીપોર્ટ.

એસોસીએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા દેશના ૨૯ રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્યમંત્રી પર હાલમાં એક રીપોર્ટ જાહેર કરેલ છે.

આ રીપોર્ટમાં દેશના સૌથી અમીર તથા મુખ્યમંત્રીઓની સંપતિનું વિવરણ આપવામાં આવેલ છે.

રાજનૈતિક દળો પર નજર રાખનાર સંગઠન એસોસીએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા નેશનલ ઈલેક્શન વોચ સાથે મળીને આ રીપોર્ટ તૈયાર કરેલ છે.

એ.ડી.આર.ના રીપોર્ટ અનુસાર ૩૧ મુખ્યમંત્રીઓ માંથી ૧૧ એ પોતાના પર આપરાધિક ફરિયાદો દાખલ થયેલ હોવાનું સ્વીકારેલ છે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ સૌથી અમીર મુખ્યમંત્રી જાહેર થયા છે.

## સમીક્ષા, તારીખ ૧૬/૦૨/૨૦૧૮

### સાહિત્ય અકાદમી દ્વારા ૨૩ ભારતીય ભાષાઓના લેખકોને સન્માનિત કરવામાં આવ્યા...

સાહિત્ય અકાદમીએ ભારતીય ભાષાઓના ૨૩ લેખકોને ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ પોતાના વાર્ષિક પુરસ્કાર પ્રદાન કરેલ છે.

સાહિત્ય અકાદમીના વાર્ષિક મહોત્સવ 'ફેસ્ટીવલ ઓફ લેટર્સ' દરમિયાન લેખકોને તામ્રપત્ર એક શાલ અને એકલાખ રૂપિયાના રોકડ પુરસ્કાર પ્રદાન કરાયેલ.

સાહિત્ય અકાદમીના નવા અધ્યક્ષ ચંદ્રશેખર કંબારે કહ્યું કે ૨૩ ભાષાઓમાં લખવામાં આવેલ પુરસ્કૃત પુસ્તકો સમાજ અને સામાજિક મુદાઓ પર કેન્દ્રિત છે.

હિન્દીમાં રમેશ કુંતલ મેઘની કૃતિ વિશ્વ મિથક, સરિતા સાગર સાહિત્યને અકાદમી પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવેલ.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ પુરસ્કારની શરૂઆત વર્ષ ૧૯૫૪ માં કરવામાં આવેલ.

આ પુરસ્કારને ભારતની તમામ ભાષાઓમાં આપવામાં આવે છે.

આ પુરસ્કારની ડીઝાઈન ભારતીય ફિલ્મકાર સત્યજીત રે દ્વારા કરવામાં આવેલ.

**નમસ્કાર મિત્રો,**

એજ્યુસફરની કરંટ અફેર્સની સફરનો લાભ લઇ રહ્યા છો,
આ કરંટ અફેર્સના **ગુજરાતી વિડીયો** પણ યુટ્યુબ પર છે, જેમાં અગત્યના મુદ્દા અને સાથે **અન્ય જીકે** પણ સમાવવાનો પ્રયાસ **પરેશભાઈ ચાવડા** દ્વારા કરવામાં આવી રહ્યો છે.
આ ઉપરાંત ઘણા વિડીયો એજ્યુસફરના યુટ્યુબ પર છે. જે આપને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખુબ જરૂરી છે. આ વિડીયો જોવા માટે આપે યુટ્યુબ પર જઈ, એજ્યુસફર (EduSafar) સર્ચ કરી ચેનલ પર જશો. હા જો એજ્યુસફર ચેનલ હજુ **સબસ્ક્રાઈબ** ન કરી હોય તો કરી લેશો, જેથી આપને આમારા નવા વિડીયોની જાણ પણ થતી રહેશે.
આ ફાઈલ આપને ઉપયોગી થાય તેવા હેતુથી બની છે, તો **તમારા મિત્રોને પણ આ ફાઈલ પહોચતી કરશો.** પ્રિન્ટ કરી ને પણ વાંચી શકો, ઝેરોક્ષ કરી ને પણ ઉપયોગમાં લઇ શકો.
આ માટે આપના દરેક સૂચનો આવકાર્ય છે.
આપ જેતે પરીક્ષામાં સફળ થાવ તેવી શુભેચ્છા.
**એજ્યુસફર પરિવાર**

# GK અને JOB માટે બેસ્ટ એન્ડ્રોઈડ App

Google Play Store પર જઈ, EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો. અથવા

આ માટે નીચે આપેલ લીંક પરથી ડાઉનલોડ કરી લેશો.
www.edusafar.com




કરંટ અફેર્સ વિડીયો,
બંધારણ વિડીયો,
ગુજરાતી વ્યાકરણ,
ઈંગ્લીશ ગ્રામર,
રીજીનીંગ (તાર્કિક) વિડીયો,
ધોરણ ૧૦ ગણિતના વિડીયો

સ્પર્ધાત્મક પરીક્ષા માટે YouTube પર જઈ, EduSafar લખી, સર્ચ કરી, ફ્રી વિડીયોનો લાભ લો.

EduSafar